## સુરત મહાનગરપાલિકા
## ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ

### –:: જાહેર જનતા જોગ જાહેર નોટીસ ::–

સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગનાં પત્ર ક્રમાંક અગન–૧૦૨૦૨૧–૧૦૦–લ૧, તા.૧૧/૦૧/૨૦૨૨નાં પત્ર મુજબ ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪માં (સુધારો) નિયમો ૨૦૨૧ તા.૨૨/૦૧/૨૦૨૧નાં જાહેરનામા **GH/V/9 OF 2021/AGN-102021-100-LI** થી બહાર પાડેલ નિયમ ૨૪ અને નિયમ ૨૫ સબસ્ટીટયુટ કરવામાં આવેલ જે મુજબ આ જાહેરનામા પછી એટલે કે તા. ૨૨/૦૧/૨૧ પછી સુરત મહાનગરપાલિકાનાં ફાયર વિભાગ ધ્વારા રીન્યુ કરેલ ફાયર સેફટી સર્ટીફીકેટ (એન.ઓ.સી.) ની વેલીડીટી ૨ (બે) વર્ષ ગણવાની રહેશે.

નં.પી.આર.ઓ./ /૨૦૨૧–૨૨
તા. /૦૧/૨૦૨૨

ચીફ ફાયર ઓફીસર
સુરત મહાનગરપાલિકા

WE SERVE TO SAVE
# રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી
બ્લોક નં.૧૩, ત્રીજે માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ઇમેલ: dir.sfps@gmail.com , ટેલીફોન નં. ૦૭૯— ૨૩૨-૫૭૦૨૨/૨૩/૪૦

सत्यमेव जयते

Azadi Ka Amrit Mahotsav

ક્રમાંક: સફસ/ફન-૮૫.૧/૫૫/૨૦૨૨ તા.૧૨/૦૧/૨૦૨૨

વિષય: ફાયર સેફ્ટી સર્ટીફિકેટ (NOC) ઇસ્યુ કરવા બાબત.

વંચાણ:- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્ર ક્રમાંક:-અગન-૧૦૨૦૨૧-૧૦૦-લ૧, તા.૧૧/૦૧/૨૦૨૨.

પરીપત્ર:-

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્ર ક્રમાંક:- અગન-૧૦૨૦૨૧-૧૦૦-લ૧, તા.૧૧/૦૧/૨૦૨૨ના પત્ર દ્વારા આજ્ઞાનુંસાર જણાવવાનું કે, ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ સુધારવા સારૂ ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) નિયમો ૨૦૨૧ તા.૨૨/૦૧/૨૦૨૧ના જાહેરનામા નં.GH/V/9 of 2021/AGN-102021-100-L1થી બહાર પાડવામાં આવેલ છે. જેમાં નિયમ ૨૪ અને નિયમ ૨૫ સબસ્ટીટ્યુટ કરવામાં આવેલ છે. જે મુજબ આ જાહેરનામાની તારીખ પછીથી ઇશ્યુ થયેલ તમામ નવી ફાયર સેફ્ટી સર્ટીફિકેટ(એન.ઓ.સી)ની વેલીડીટી ૩ (ત્રણ) વર્ષ અને રીન્યુઅલ ફાયર સેફ્ટી સર્ટીફિકેટ(એન.ઓ.સી)ની વેલીડીટી ૨ (બે) વર્ષ ગણવાની રહેશે. જે આજ્ઞાનુસાર સુચના આપવામાં આવે છે.

નિયામક
સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,

(૧) સર્વે ચીફ ફાયર ઓફિસરશ્રી, મહાનગરપાલિકા.

(૨) સર્વે રીજીયોનલ ફાયર ઓફિસરશ્રી, રાજય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી.

નકલ સવિનય રવાના:-

(૧) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ નમ્ર જાણ સારૂ.

(૨) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(3) કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશન, ગુજરાત સ્ટેટ, ગાંધીનગર જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ. (સર્વે રીજીયોનલ મ્યુનિસિપાલિટીઝ કમિશ્નરશ્રીઓ તથા ચીફ ઓફિસર, મ્યુનિસિપાલિટીઝને પરિપત્રીત કરવા વિનંતી સહ)

વિષય ::– તા.૨૨/૦૧/૨૦૨૧નાં જાહેર નામા **GH/V/9 OF 2021/AGN-102021-100-LI** થી બહાર પાડેલ નિયમ ૨૪ અને નિયમ ૨૫ સબસ્ટીટયુટ કરવામાં આવેલ જે મુજબ તા.૨૨/૦૧/૨૦૨૧ થી ઈશ્યુ થનાર તમામ નવી ફાયર સેફટી સર્ટીફીકેટ (એન.ઓ.સી.) ની વેલીડીટી ૦૩ (ત્રણ) વર્ષ અને રીન્યુઅલ ફાયર સેફટી સર્ટીફીકેટ (એન.ઓ.સી.) ની વેલીડીટી ૨ (બે) વર્ષ ગણવા અને તે મુજબનકકી કરેલ ચાર્જ અને એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ (એ.એમ.સી.) લેવા બાબત.

સંદર્ભ ::–(૧) નિયામકશ્રી, સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસ, ગુજરાત રાજયનો પત્ર સફસ/ફન– ૮૫.૧/૫૫/૨૦૨૨ તા.૧૨/૦૧/૨૦૨૨

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગનાં પત્ર ક્રમાંક અગન–૧૦૨૦૨૧–૧૦૦ –લ૧, તા.૧૧/૦૧/૨૦૨૨નાં પત્ર

(૩) ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ માં (સુધારો) નિયમો ૨૦૨૧ તા.૨૨/૦૧/૨૦૨૧નાં જાહેર નામા **GH/V/9 OF 2021/AGN-102021-100-LI** થી બહાર પાડેલ નિયમ ૨૪ અને નિયમ ૨૫ સબસ્ટીટયુટ કરવામાં આવેલ નિયમ

(૪) નિયામશ્રીએ માન્ય મ્યુ. કમિશ્નરશ્રીને સંબઘોને તા.૧૩/૦૧/૨૨ થી પાઠવેલ ઈમેલ પત્ર

**નોંધ :–**

ઉપર વિષય તેમજ સંદર્ભ અન્વયે તા.૨૨/૦૧/૨૦૨૧ થી ઈશ્યુ થયેલ તમામ નવી ફાયર સેફટી સર્ટીફીકેટ (એન.ઓ.સી.) ની વેલીડીટી ૦૩ (ત્રણ) વર્ષની કરવામાં આવેલ છે. અને રીન્યુઅલ ફાયર સેફટી સર્ટીફીકેટ (એન.ઓ.સી.) ની વેલીડીટી ૨ (બે) વર્ષ કરવામાં આવેલ છે. જેથી આ તારીખ થી આપવામાં આવેલ તમામ એન.ઓ.સી. ઉકત સમય માટે વેલીડ ગણવાની રહેશે. વધુમાં,

હવે પછી ઈશ્યુ કરવામાં આવનાર આવી નવી એન.ઓ.સી.નાં નાણા હાલમાં વસુલવામાં આવતા હતા તેનાં ત્રણ ગણા એટલે કે રૂ. ૫૦૦/–ની સામે રૂ.૧૫૦૦/– મુજબ જમા લેવા.

વધુમાં રીન્યુઅલ ફાયર સેફટી સર્ટીફીકેટ (એન.ઓ.સી.) નાં નાણા હાલમાં વસુલવામાં આવતા ચાર્જનાં બે ગણા એટલે કે રૂ. ૫૦૦/–ની સામે રૂ.૧૦૦૦/– જમા લેવા.

જે તે કેટેગરીમાં જયા એક વર્ષની એ.એમ.સી. લેવામાં આવતી હતી ત્યં હવે પછી નવા એન.ઓ.સી. કેસમાં ૦૩ વર્ષની અને રીન્યુ કેસમાં ૦૨ વર્ષનાં એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ (એ.એમ.સી.) લેવી.

ઉકત હુકમનો અચુક આદેશનુ પાલન કરવુ.

એફ.ઈ.એસ./આઉટવર્ડ/૨૪૩૧ — ચીફ ફાયર ઓફીસર

તા.૩૧ / ૦૧ / ૨૦૨૨ — સુરત મહાનગરપાલિકા

ન.સા.ર.મા.ડે.કમિશ્નરશ્રી (ડે.) પ્રતિ.. જાણ માટે રજુ

ન.ર. ડે.ચીફ ફાયર ઓફીસરશ્રી એસ. કે. આચાર્ય , ઈ/ચા ડે.ચીફ ફાયર ઓફીસરશ્રી ડી.એચ. માખીજાની તેમજ ઈ/ચા ડે.ચીફ ફાયર ઓફીસરશ્રી જે. જે. પટેલ. પ્રતિ.. જાણ માટે

ન.ર. તમામ ડીવીઝનલ ઓફીસર તેમજ ફાયર ઓફીસર પ્રતિ જાણ તથા અચુક અમલ માટે

ન.ર. સેકશન ઓફીસરશ્રી (ફાયર) પ્રતિ .. ઉકત નકકી કરેલ દરે નાણા વસુલવા સંબઘિતોને જણાવવું.

ન.ર. આસી. ઈજનેરશ્રી આઈ.એસ.ડી. વિભાગ પ્રતિ, સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિઘ્ધ કરવા સારૂ